**Divya Bhaskar**
**Edition:** Ahmedabad | **Date:** February 25, 2012 | **Page No:** 14 | **Category:** Kalhaar Blues & Greens

## India's first 18 hole Golf Cource near Sanand

# સાણંદ નજીક ભારતનો પ્રથમ ૧૮ હોલનો ગોલ્ફ કોર્સ



### અદ્યતન ગોલ્ફકોર્સ ખાતે રવિવારે પ્રથમ ટૂર્નામેન્ટ

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

ગુજરાત ધીરે ધીરે ગોલ્ફનું ગઢ બની રહ્યું છે. રાજ્યમાં ચાર ઈન્ટરનેશનલ કક્ષાના ગોલ્ફકોર્સ હતા જેમાં હવે એકનો ઉમેરો થયો છે. સાણંદ નજીક નવરત્ન ગ્રૂપે કલ્હાર બ્લૂ એન્ડ ગ્રીન્સ ગોલ્ફકોર્સની રચના કરી છે જે ૧૮ હોલનો છે. ગોલ્ફ આઈકોન જેક નિકોલસની કંપનીએ આ ગોલ્ફકોર્સની ડિઝાઈન કરી છે અને તેમાં ભારે ચોકસાઈ સાથે અનેક વિવિધતા સામેલ કરવામાં આવી છે. આ ગોલ્ફકોર્સ ખાતે રવિવારે પ્રથમ ટૂર્નામેન્ટ યોજાશે.

સરદાર પટેલ રિંગ રોડથી નજીકનો આ ગોલ્ફકોર્સ કાર્ટબગી ધરાવતો રાજ્યનો પ્રથમ ગોલ્ફકોર્સ છે. ૧૭૫ એકર વિસ્તારમાં ફેલાયેલા આ ગોલ્ફકોર્સ અંગે નવરત્ન ગ્રૂપના મેનેજિંગ ડાયરેક્ટર પ્રણવ શાહ તથા દેવાંગ શાહે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે ચાર વર્ષ અગાઉ તેઓ જેક નિકોલસને મળ્યા હતા અને તેમને અમદાવાદ નજીક ગોલ્ફકોર્સ તૈયાર કરવા માટે મનાવી લીધા હતા. જેમાં અમે બે પ્રકારના ઘાસની પસંદગી કરી હતી જેમાં ટીઝ માટે મિનીવર્ડી તથા ફેરવેઝ માટે બર્મ્યુડા-૪૧૯નો સમાવેશ થતો હતો. આ કારણથી આ ગોલ્ફકોર્સ અનોખો બની ગયો છે, કેમ કે ભારતમાં અન્ય કોઈ સ્થળે આ પ્રકારના ઘાસનો ઉપયોગ થતો નથી.

પ્રણવ શાહના જણાવ્યા મુજબ ગોલ્ફકોર્સની ડ્રેનેજ સિસ્ટમ પણ અનોખી છે જેમાં ૭૫ ટકા વપરાયેલા પાણીનો ફરીથી ઉપયોગ થઈ શકે છે. ૭૧૩૭ વારની લંબાઈ ધરાવતા આ ગોલ્ફ કોર્સમાં ૩૫ એકર વિસ્તારને આવરી લેતાં ૩૫ વોટરબોડી છે.